Sl.No. :

नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – 11

No. of Printed Pages – 07

**SS–24–Gujarati Sah.**

Tear Here

# उच्च माध्यमिक परीक्षा, 2018

# SENIOR SECONDARY EXAMINATION, 2018

## गुजराती साहित्य

**समय** : 3¼ **घण्टे**

**पूर्णांक** : 80

प्रश्न पत्र को खोलने के लिए यहाँ फाड़ें
TEAR HERE TO OPEN THE QUESTION PAPER

પરીક્ષાર્થીઓ માટેના સામાન્ય નિર્દેશ:

1) પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર, પોતાનો નામાંક જરૂરથી લખે.

2) દરેક પ્રશ્ન કરવા ફરજીયાત છે.

3) પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

4) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

6) પ્રત્યેક પ્રશ્નનો જવાબ ગુજરાતી ભાષામાં લખવાનો છે.

यहाँ से काटिए

**1)** નીચેનો ગદ્યખંડ વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

ગદ્યખંડઃ-

''જાત મહેનત મનુષ્ય માત્રને સારું અનિવાર્ય છે. એ વાત મને ટોલસ્ટોયના એક નિબંધ પરથી સમજાઈ અને તેનો અમલ કરતો થઈ ગયો. રસ્કિનનું 'અન ટૂ ધ લાસ્ટ' વાંચ્યા પછી તુરંત.

જાત મહેનત અંગ્રેજી શબ્દ 'બ્રેડ લેબર' નો અનુવાદ છે. રોટીને માટે પ્રત્યેક મનુષ્યે મજુરી કરવી જોઈએ. શરીર વાંકું વાળવું જોઈએ એ ઈશ્વરીય નિયમ છે. ભગવદ્‌ગીતાના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે યજ્ઞ વિના જે ખાય છે તે ચોરીનું અન્ન ખાય છે. યજ્ઞનો અર્થ જાત મહેનત અને રોટીમજુરી ને જ શોભે છે.''

– ગાંધીજી

પ્રશ્નોઃ-

1) મનુષ્ય માત્ર માટે શું અનિવાર્ય છે ? **[2]**

2) ગાંધીજી એ કયું પુસ્તક વાંચ્યું પછી જાત મહેનત પર અમલ કરવો શરુ કર્યો ? **[2]**

3) જાત મહેનતનો અંગ્રેજી શબ્દ કયો છે ? **[2]**

4) ભગવદ્‌ગીતાના ત્રીજા અધ્યાયમાં યજ્ઞનું મહત્ત્વ કેવી રીતે કર્યું છે ? **[2]**

5) ગદ્યખંડનું યોગ્ય શિર્ષક આપો. **[2]**

**2)** નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર 200 થી 250 શબ્દોમાં નિબંધ લખો. **[10]**

1) પરિશ્રમ એ જ પારસમણિ

2) પ્રાર્થના - આત્મ વિશ્વાસ અને મન પ્રસન્નતાનું પ્રેરક બળ

3) એક અવિસ્મરણિય યાત્રા

4) નિરક્ષરતા એક અભિશાપ

**3)** નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખી યોગ્ય શિર્ષક આપો. **[5]**

પ્રસ્તાવના - એક મજુર પતિ-પત્ની - કંકુડી અને કાનિયો નામ - મજુરી દ્વારા પરિવારનું ગુજરાન - ખૂબ જ વરસાદ થવો - ગુપ્ત ધન મળવું - શેઠનું ધન - શેઠને પાછું આપવું - પ્રમાણિકતા

**4)** નીચે આપેલી પંક્તિઓનો વિચાર વિસ્તાર આશરે 100 શબ્દોમાં લખો. **[3]**

''ગમે ના શૈશવે ખેલ, યૌવને ના પરાક્રમ;

સાધુતા નહિ વાર્ધક્યે, વ્યર્થ તો જિંદગીક્રમ.''

5) અ) 'શિખરિણી' છંદનું બંધારણ સદૃષ્ટાંત સમજાવો. [2]

બ) રૂપક અથવા વ્યતિરેક અલંકારની વ્યાખ્યા લખી તેનું ઉદાહરણ આપો. [2]

ક) વિરુદ્ધાર્થી શબ્દ લખો. [2]

1) સંધ્યાકાળ

2) વિનંતી

ડ) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો. [2]

– હરખ ન માવો.

ઈ) 1) તમે બહાદુર છો. (નિષેધ વાક્ય બનાવો.) [1]

2) બાપુજી જમ્યા નહીં. (વિધિ વાક્ય બનાવો.) [1]

ફ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. [2]

1) પૂર્વ ન જોયું હોય તેવું –

2) ચંદ્ર જેવા મુખવાળી –

**6)** નીચેનો પઠિત ગદ્યખંડ વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

પઠિત ગદ્યખંડ :-

''માત્ર રાજસ્થાન જ નહી ભારત અને વિશ્વભરમાં પાણીની - પેયજલની અછત છે. ભુગોળમાં આપણે ભણીએ છીએ કે પૃથ્વી પર એક ભાગ જમીન અને ત્રણ ભાગ પાણી છે. પણ એ મોટાભાગનું પાણી દરીયામાં છે અને ઉપયોગી નથી. કુદરતે એ પાણીને વાદળામાં ફેરવી દર વરસે પૃથ્વી પર વરસાવવાની વ્યવસ્થા કરી છે. પરંતુ આપણે જંગલો કાપીએ છીએ, નવાં વૃક્ષો વાવતા નથી એટલે વરસાદ ઓછો થતો જાય છે.

પ્રશ્ન-1 પાણીની અછત ક્યાં ક્યાં છે ? **[2]**

પ્રશ્ન-2 પૃથ્વી પર પાણી કેટલું છે ? ઉપયોગી છે ? **[2]**

પ્રશ્ન-3 પેયજલ પાણીની અને વરસાદની સમસ્યા શા કારણે થઈ છે ? **[2]**

**7)** ગદ્યપાઠને આધારે નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. **[8]**

1) સાજા ન રવા નવજવાને જનરલને શી વિનંતી કરી ?

2) પત્ર લેખકના બાળકનું શાળામાં દાખલ થતાં પહેલાનું વિશ્વ કેવું હતું ?

3) કંસારીને તેના પિતાએ રાજમહેલ છોડી જવા હુકમ શા માટે કર્યો હતો ?

4) ડૉક્ટરે અમરા પાસેથી દવાના પૈસા કેમ ના લીધા ?

5) લેખકે મુંડન શા માટે કરાવ્યું છે ?

**8)** ગદ્યખંડના આધારે 100 થી 150 શબ્દોમાં કોઈપણ બે પ્રશ્નોના ઉત્તર વિસ્તારથી લખો. **[6]**

1) 'ભગવાને મોબાઈલ માર્યો' નાટકના આધારે ભગવાનનું પાત્રાલેખન કરો.

2) 'આપણી આશાઓના બીજ' પાઠના આધારે લેખકની લંડનના પાણીના સંચયન અને પ્રિન્સ ચાર્લ્સ સાથેની ચર્ચા રજૂ કરો.

3) શિક્ષકા મિસ કત્યાલનું પાત્રાલેખન કરો.

**9)** નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના જવાબ પદ્ય કાવ્યના આધારે આઠથી દશ વાક્યમાં આપો. **[8]**

1) 'દ્રવ' કાવ્યના આધારે સમજાવો કે પૈસાના કારણે માણસને અન્ય માણસો પ્રેમ કરે એવું બને.

2) 'ના હઠવું' કાવ્યનો ભાવાર્થ લખો.

3) 'મળે એટલું માણ' કાવ્યના આધારે માનવીના મનમાં ઉદારતાની ભાવના ક્યારે જન્મે છે ? દિવ્ય સંતોષ ક્યારે જન્મે છે ? સમજાવો.

**10)** નીચેનામાંથી કોઈપણ બે કાવ્ય પંક્તિઓ કાવ્યના આધારે સમજાવો. **[8]**

1) ''નદીની રેતમાં રમતું નગર મળે ન મળે

ફરી આ દશ્ય સ્મૃતિ પટ ઉપર મળે ન મળે.''

2) ''તડકો તો લીલો છમ મોલ

મારા ભઈલા, તડકો તો કુદરતનો મેહ.''

3) ''પુષ્પતણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ ?''

પૃથ્વી પરથી ઊઠે કોનો સુરભિત પુલકિત મુખરિત શ્વાસ ?

**11)** 'તેજલી' લોકગીતનો ભાવાર્થ લખો. (આઠ થી દશ વાક્યમાં) **[4]**

અથવા

ગંગાસતીના જીવન અને કવનનો સંક્ષિપ્તમાં પરિચય આપો.

♠♠♠♠